# ફિલ્મોમાં સેન્સરશીપ નડે જ્યારે OTT પર ફ્રીડમ મળે : મોનાસિંઘ



**ટીવીની 'જસ્સી' આમિર ખાન સાથે '3 ઇડિયટ્સ', 'લાલ સિંઘ ચઢ્ઢા' અને આર્યન ખાનની 'બેડ્સ ઓફ બોલિવૂડ'માં પોતાની સ્ટ્રોંગ સ્ક્રીન પ્રેઝન્સ નોંધાવી ચૂકી છે. મોના સિંઘ સ્ટ્રેટ-ટુ-ધ-પોઇન્ટ વાત અને જોરદાર પર્ફોર્મન્સ પણ દર્શકોને વિચારવા પર મજબૂર કરી દે છે. ટીવી, થિયેટર અને OTT પર છવાઇ ચૂકેલી મોના ફરી એકવાર મલ્ટીસ્ટાર ફિલ્મમાં દેખાવાની છે. ફિલ્મ જુઓ ન જુઓ, મોનાને જરૂર મળો...**

**ઘણી એક્ટ્રસ લગ્ન પછી ગાયબ થઈ જાય છે, લગ્ન પછી તમે તો કામ ચાલુ રાખ્યું. શું કહેશો?**

લગ્ન એક નવો પડાવ છે, આખું જીવન નથી. હા, બદલાવ આવે, પરંતુ તમારા સપનાને કેદ ન કરી દો. તમારી પોતાની પહેચાન ન છોડી દો. હું માનું છું કે સ્ત્રીએ લગ્ન કર્યા એટલે એનું કરિયર પૂરું થઇ જાય એવું નથી હોતું. મારા પેરેન્ટ્સ અને મારા હસબંડ શ્યામ તરફથી પણ મને પૂરો સપોર્ટ મળ્યો છે.

**તમારાથી 16 વર્ષ મોટાં આમિર ખાનની મમ્મીનો રોલ 'લાલ સિંઘ ચઢ્ઢા'માં કર્યો, ત્યારે અનુભવ કેવો હતો?**

હું તેમાં આમિરની મમ્મીનો રોલમાં નથી, પરંતુ લાલ સિંઘની માતાનો રોલ કર્યો છે, તો અમારા રિયલ એજ-ડિફરન્સથી કોઇ ફરક નથી પડતો. હું મારા રોલમાં પરફેક્ટ લાગતી હતી. હું સ્ક્રીન પર તો આમિરની મા જ દેખાતી હતી ને ભલેને એ મારા કરતાં 16 વર્ષ મોટો હોય!

**તમે છેલ્લી કેટલીક ફિલ્મો અને OTTમાં 'મધર'નો રોલ કર્યો છે. તમને ટાઇપકાસ્ટ થવાનો ડર નથી લાગતો?**

હું કોઇપણ ફિલ્મની ઓફર આવે ત્યારે તેમાં મારો રોલ કોનો છે તે જોવા કરતાં કેવો છે તેના પર વધારે ધ્યાન આપું છું. મારું પૂરેપૂરું ફોકસ મારા કેરેક્ટરને 100% આપી દિલથી નિભાવવામાં જ હોય છે. હા, ઘણીવાર લોકો તરફથી સાંભળવા મળતું હોય છે કે દરેક વખતે 'મધર'નો રોલ જ કરે છે, પણ શું હું મારા રોલને જસ્ટીફાઇ નથી કરતી?

શો બાજ

**ન્યુ કમર્સ સાથેની ફિલ્મ 'મુંજ્યા' હિટ થવા પાછળ કોને શ્રેય આપશો?**

ફિલ્મનું કન્ટેન્ટ. 'મુંજ્યા'ની સ્ટોરીલાઇન ખૂબ જોરદાર હતી. ફિલ્મો હિટ થવા પાછળ પહેલાં સ્ટાર્સની વેલ્યુ થતી, પરંતુ હવેના બદલાયેલાં સમયમાં ન્યુ કમર્સ સાથેની ફિલ્મો પણ આગળ નીકળી જતી હોય છે. ફિલ્મોમાં કન્ટેન્ટ જ કિંગ હોય છે, અને રહેશે જ. 'મુંજ્યા'ની સક્સેસ પાછળ તેની સ્ટોરીલાઇન ખૂબ મહત્ત્વની હતી.

**કાસ્ટિંગ કાઉચની વાત ઘણી એક્ટ્રસ કરે છે. શું તમારી સાથે કંઈ આવું બન્યું હતું?**

કરિયરની શરૂઆતમાં ઘણાં પ્રોડ્યુસરોએ મને હોટલ પર બોલાવતા. હું ત્યાં જાવ ત્યારે તેઓ મારા આખા શરીર પર નજર કરે, સિવાય મારા મોંઢા પર. મને ઘણું અનકમ્ફર્ટેબલ ફિલ થતું હતું. નવાઇની વાત તે હતી કે તેઓ કહેતાં કે, 'આ ઇન્ડસ્ટ્રીમાં કામ કરવા માટે આ બધું નોર્મલ છે. તને મોટા કામ આપીશું, થોડું કોમ્પ્રોમાઇઝ તો કરવું જ પડશે.'

**ટીવી અને OTTનો અનુભવ કેવો રહ્યો? બંનેમાંથી શું પસંદ કરશો?**

OTT. મેં બંનેને ખૂબ નજીકથી જોયું છે એટલે પસંદ કરવાનું આવે તો વેબ પ્લેટફોર્મ જ પસંદ કરીશ. ઓફકોર્સ ટીવીએ મને ઘણું શીખવ્યું છે અને તેના વગર હું આજે આટલી પ્રગતિ ન કરી શકતે. પરંતુ કામની રીતે જોવા જઇએ તો OTT બેટર કહેવાય. તેમાં વેરિયેશન મળી રહે છે. એમાં કોઇપણ કમિટમેન્ટ સાથે ઘણો લાંબો સમય સુધી નથી જોડાઇ રહેવું પડતું. પ્રોજેક્ટ ખતમ થયો અને તમે છૂટા, જ્યારે સિરીયલ્સની લેન્થ તો તમને ખબર જ છે!

**તો શું હવે તમે સિલ્વર સ્ક્રીન પર કામ કરવું નથી ગમતું?**

સાચું કહું તો સિલ્વર સ્ક્રીન પર કામ કરવાનું અઘરું હતું. તેમાં સેન્સરશીપ્સ ઘણાં હોય છે અને કામ કરતી વખતે ઘણી રિસ્ટ્રીક્શનનો સામનો કરવો પડે છે. જ્યારે OTT પર ફ્રીડમ મળે છે. અને તે પણ ઘણાં ઓછા લિમિટેશન્સ સાથે. જે ટાઇપના શો OTT પર જોવા મળે છે, તે ટીવી પર ક્યારેય ન બતાવી શકાય. OTTની રેન્જ ઘણી મોટી છે. ત્યાં રોજ નવા નવા લોકો સાથે કામ કરવાનો મોકો મળે છે અને દરેક અનુભવ તમને કંઇક નવું શીખવી જાય છે. એટલે OTT ગમે છે.

## રીયલ સિરીયલ

### ડિવોર્સ પછી 'ભાભીજી' પ્રેમમાં પડવા માગે છે?



ટીવી-સીરિયલ 'ભાભીજી ઘર પર હૈં'થી લોકપ્રિય બનેલી ઍક્ટ્રેસ શુભાંગી અત્રેએ 2003 માં પિયૂષ પૂરે સાથે લગ્ન કર્યાં હતાં. આ લગ્નનાં બે વર્ષ બાદ દીકરી આશીનો જન્મ થયો. જોકે સમય જતાં સંબંધોમાં તણાવ વધ્યો અને 2025 માં તેમના ડિવૉર્સ ફાઇનલ થયા. પણ ડિવૉર્સના ગણતરીના મહિનાઓમાં જ શુભાંગીના ભૂતપૂર્વ પતિનું અવસાન થયું. હાલ એક ઈન્ટરવ્યુમાં શુભાંગીએ પોતાના અંગત જીવન વિશે વાત કરતા કહ્યું, 'ડિવૉર્સનો ડિસિઝન મેં માત્ર મારા માટે નહીં, મારી દીકરી માટે પણ લીધો હતો; કારણ કે કોઈ સંબંધમાં તમે જ્યારે પોતાને સમર્પિત હોવ છો ત્યારે એની માનસિક અસર બહુ ઊંડી થાય છે. એ સંબંધ મારી શાંતિને અસર કરવા લાગ્યો હતો. એક સમય એવો પણ આવ્યો જ્યારે મને કોઈને મળવાનું પણ મન નહોતું થતું અને તેથી હું ફક્ત કામ પર જ ધ્યાન આપતી હતી. ડિવૉર્સ દરમ્યાન પરિવાર, દીકરી, બહેનો અને મિત્રો મારી સાથે ઊભાં રહ્યાં.' એવામાં શુભાંગીને જ્યારે સવાલ કરવામાં આવ્યો કે શું તે ફરી પ્રેમમાં પડવા માગે છે ત્યારે જવાબ આપતા શુભાંગીએ કહ્યું, 'મને ખબર નથી, હાલ તો એવું કંઈ મનમાં નથી. હું આ મામલે બહુ વિચારતી નથી. મારી બહેનો મને કહે છે, પણ અત્યારે તો મારું પૂરું ધ્યાન દિકરી આશી પર જ છે.'

# તાન્યા પાસે આટલા પૈસા કઇ ફેક્ટરીમાંથી આવ્યા?

મહાકુંભ કોન્ટ્રોવર્સી અને બીગબોસથી ફેમસ થયેલી તાન્યા મિત્તલ ચર્ચામાં રહેવાનો કોઈ મોકો છોડતી નથી અને મિડિયા અને આમ જનતા પણ તાન્યા વિશેની હકીકતોને જાણવા માટે ઉત્સુક રહે છે. તાન્યાનો એક ઈન્ટરવ્યૂ હાલ ચર્ચાનો વિષય બન્યો છે. કેમ કે આમ જનતાને તેના જીવનની શરૂઆતથી લઇ તેના હવે કયા સપના છે તે જણાવ્યું છે.

માલેતુજાર તાન્યા પાસે આટલા પૈસા ક્યાંથી આવ્યા? તેનો રાઝ ખોલે છે એક મુલાકાતમાં. જેમાં તાન્યાએ તેના ઘર અને ફેક્ટરીની ટૂર કરાવી છે. ત્યારે સંસ્કારોની વાતો કરતી, રામ રામ અને જયશ્રી રામ બોલતી તાન્યા આખરે તેની ઘણી ફેક્ટરીઓમાંની એક ફેક્ટરી સામે આવી છે. તાન્યાએ જે ફેક્ટરી બતાવી તેનાથી તાન્યા ફરી એક વાર ચર્ચામાં આવી કેમ કે તે ફેક્ટરી કોન્ડોમની છે! નવાઈ પામો તેવી હકીકત છે ને! તાન્યાએ ગ્વાલિયરમાં તેની કોન્ડોમ ફેક્ટરી બતાવી છે અને ભવિષ્યમાં તાન્યા ઈન્જેક્શનની ફેક્ટરી બનાવવા માટે વિચારી રહી છે.

તો તાન્યાના ઘરની પણ એક ઝલક જોવા મળી છે, અને તે તો ખરેખર અમિર લાગે છે. જે ફેંકુ અને જૂઠી કહેતા હતા તેની બોલતી તો બંધ થઈ ગઈ છે. તાન્યાના ઘરનાં કિચનમાં સાચે જ એક નાની લિફ્ટ પણ જોવા મળી હતી. આ લિફ્ટ દ્વારા 3 ફ્લોરના મકાનમાં કિચનથી દરેક રૂમમાં ગરમા ગરમ જમવાનું પહોંચે છે. આગળ તાન્યાએ બોડીગાર્ડ વિશેની વિગતો પણ જણાવી છે જેમાં તાન્યાનો 150નો સ્ટાફ છે નહીં કે 150 બોડીગાર્ડ!



તાન્યા મીડિયાવાળાને જ્યારે પણ મળે છે ત્યારે ચાંદીના સિક્કા ગિફ્ટમાં આપે છે. તાન્યા ખૂદ કહે છે કે મિડિયા જો મારે માટે ટાઇમ કાઢીને આવે તો હું પણ મિડિયાને પ્રોત્સાહિત કરું. બીગબોસ તાન્યાને એક જેલ જેવો એક્સપિરિયન્સ લાગ્યો કેમ કે તાન્યા કોઈ દિવસ ફેમિલી વિના રહી નથી. 'એક સારો માણસ આખી દુનિયાને બદલી નાખે' તેવું તે માને છે. એટલે જ તાન્યા બીગબોસ શોમાં ગઈ અને બીગબોસ માટે જે નેરેટિવ સેટ હતો કે બીગબોસ માત્ર ગાલી-ગલોચ અને ઝગડાનો શો છે તે તાન્યાએ બદલ્યો છે, તેવું તાન્યા દૃઢ પણે માને છે. તાન્યા માટે શોમાં જવું અને શોમાં

ટ્રેન્ડિંગ

બીગબોસ હાઉસના સદસ્યો સાથેના કનેક્શન શો પુરતા જ છે. શો ખતમ રિશ્તા ખતમ! જે તાન્યા શોમાં નિલમને દોસ્ત કહેતી હતી તે તાન્યાએ જ નિલમને દુશ્મન કહી, તાન્યા હવે નિલમને ક્યારેય માફ નહીં કરે. શો પછી હકીકત બહાર આવી છે.

તાન્યા એ વાતે નિલમથી નારાજ છે કે નિલમે તાન્યાને ફેક કહી! અમાલ અને તાન્યાની જોડી સોશિયલ મિડિયા પર જ્યારે ટ્રેન્ડિંગ હતી ત્યારે જ અમાલ તાન્યાથી દૂર થયો એ પણ નિલમના કહેવાથી. હવે વાત કરીએ એક્તા કપૂર દ્વારા તાન્યાને શોની ઓફર વિશેની તો એ શો વિશે

**તાન્યાનું કહેવું છે કે જે રીતે બીગબોસ હાઉસના સહસ્યોએ તેની સાથે વર્તન કર્યું છે તે માફીને લાયક જ નથી. તેથી જ હવે તાન્યા બીગબોસ શોને એક ખરાબ સપનું ગણીને ભૂલી જવા માગે છે. તાન્યાને હાલ કોઇ ફરક પડતો નથી કે લોકો તેને ફેકુ કહે કે જૂઠી**

કોઈ જ માહિતી મળતી નથી. તે શોનું નામ શું કે તેની સ્ટોરી લાઈન પણ હા, એટલું તો જાણવા મળ્યું છે કે એક્તાએ જે શોની ઓફર આપી તે શો ટીવી પર નહીં પણ યુટ્યુબ પર સ્ટ્રિમિંગ થશે! તાન્યાનું કહેવું છે કે જે રીતે બીગબોસ હાઉસના સહસ્યોએ તેની સાથે વર્તન કર્યું છે તે માફીને લાયક જ નથી. તેથી જ હવે તે બીગબોસ શોને એક ખરાબ સપનું ગણીને ભૂલી જવા માગે છે. તાન્યાને હાલ કોઈ ફરક પડતો નથી કે લોકો તેને ફેકુ કહે કે જૂઠી! તે તેની લાઈફમાં ખૂશ રહેવા માગે છે. તે હવે તેના બિઝનેસમાં બિઝી થઈ ગઈ છે!

# 2026 માં જૂની સિરીઝની નવી સિઝન જોવા તૈયાર?

**નવા વર્ષમાં જૂનો સવાલ હજી કાયમ રહેશે, જોવા જેવું શું છે? ત્યારે નવા વર્ષે જૂની મનગમતી કઈ સિરીઝ આવશે, નવી કઈ સિરીઝ આવવાની છે જેની ફેન્સ રાહ જોઈ રહ્યા છે, સાથે જ થોડા હિટ, સુપર હિટ, અને થોડી (ઘણી) ફ્લોપ ફિલ્મો, અટકેલા અને નવા આવનારા પ્રોજેક્ટ્સ સાથે OTT 2026 ને મહત્વપૂર્ણ વર્ષ બનાવવાની તૈયારીમાં છે. લાંબા સમયથી રાહ જોવાતી સિક્વલ, નવી ઓરિજિનલ અને ઘણી રસપ્રદ ફિલ્મ અને વેબસીરીઝ તમને આખું વર્ષ મસ્ત અને વ્યસ્ત રાખવા માટે તૈયાર છે.**



વેબ વોચ

**પંચાયત 5 (પ્રાઈમ વિડિયો)**

આ લોકપ્રિય અને કદાચ સૌથી વધારે રાહ જોવાતી કોમેડી-ડ્રામા જોવા મળવાની છે. પ્રાઈમ વિડિયોએ સિઝન 4 ની સફળતા પછી 2026 માં ઝડપથી પંચાયત 5 ના પ્રીમિયરની પુષ્ટિ કરી છે.

**ઓ સાથી રે (નેટફ્લિક્સ)**

ચમકીલા પછી ફિલ્મ મેકર ઈમ્તિયાઝ અલી ફરી નેટફ્લિક્સ પર આવશે, આ વખતે અદિતિ રાવ હૈદરી, અવિનાશ તિવારી અને અર્જુન રામપાલ અભિનીત હિન્દી-અંગ્રેજી ડ્રામા સાથે. આ એક વિન્ટેજ હાર્ટ અને મોડર્ન સ્ટ્રોઈનું મિક્સર છે, 'ઓ સાથી રે'માં શહેરની અરાજકતા વચ્ચેના સંબંધો વિશે વાર્તા છે.

**મટકા કિંગ (પ્રાઇમ વિડિયો)**

960 ના દાયકાનાં બોમ્બેમાં સેટ વાર્તામાં વિજય વર્મા દેખાશે. જે એક સાહસિક વેપારી છે. અને 'મટકા' નામનો એક નવો જુગાર રમત શરૂ કરે છે. આ ઘટના શહેરમાં તોફાન મચાવે છે અને અગાઉ ખાલી ધનિકો અને ભદ્ર વર્ગ માટે રાખેલો જુગાર નાના લોકોમાં લઈને આવે છે. તેમાં કૃતિકા કામરા, સાઈ તામહાણકર, ગુલશન ગ્રોવર અને સિદ્ધાર્થ જાધવ પણ છે.

**ધ ફેમિલી મેન સિઝન 4**

તો મનોજ બાજપેયીએ કનફર્મેશન આપી છે કે ધ ફેમિલી મેન સિઝન 4 બનવા પર છે. નવા કેરેક્ટર્સ સાથેની આ સિરીઝ એ સિઝન 4 માટે અપેક્ષાઓ વધારી દીધી છે, જોકે ઓફિશ્યલ રિલીઝ ડેટ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી - 2026 માં રિલીઝ કહ્યું છે પણ સિઝન 3 માં જેમ રાહ જોવડાવી તેવું 4 માં પણ થઈ શકે છે.

**હીરામંડી સિઝન 2**

ફિલ્મ મેકર સંજય લીલા ભણસાલીએ હીરામંડી: ધ ડાયમંડ બજાર સાથે OTT વર્લ્ડમાં પ્રવેશ કર્યો અને હીરામંડીએ રેકોર્ડ તોડી નાખ્યા, નેટફ્લિક્સ પર ઘણા અઠવાડિયા સુધી ટ્રેન્ડ થઈ, ચાહકો સિઝન 2 ની રાહ જોઈ રહ્યા છે ત્યારે ભણસાલી ફિલ્મ પ્રોજેક્ટ, લવ એન્ડ વોર પૂર્ણ કર્યા પછી 2026 માં હીરામંડી સિઝન 2 માટે ફિલ્માંકન શરૂ થવાની ધારણા છે.

**તસ્કરી: ધ સ્મગલર્સ વેબ (નેટફ્લિક્સ)**

નીરજ પાંડે દ્વારા દિગ્દર્શિત, ગ્લોબટ્રોટિંગ ક્રાઈમ થ્રિલર ફિલ્મમાં ઈમરાન હાશ્મી છે. શૂટિંગ થયા પહેલા જ ટીઝર રિલીઝ થઈ ગયું છે, તસ્કરી 2026 ની શરૂઆતમાં જ રિલીઝ થવાની શક્યતા છે.

**ધ રિવોલ્યુશનરીઝ (પ્રાઈમ વિડિયો)**

ભુવન બામ અને રોહિત સરાફની આ સિરીઝ ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીઓની વાર્તા આધારિત છે. જેઓ માનતા હતા કે ભારતમાં બ્રિટીશ રાજનો અંત લાવવા માટે સશસ્ત્ર ક્રાંતિ કરવી પડશે. નિખિલ અડવાણીનો પ્રોજેક્ટ એમના જીવન, બલિદાન અને દેશ પ્રત્યેના અમર પ્રેમની વાર્તાને બતાવશે, અને સંજીવ સાન્યાલની રિવોલ્યુશનરીઝઃ ધ અધર સ્ટોરી ઓફ હાઉ ઈન્ડિયા વોન ઈટ્સ ફ્રીડમ આધારિત છે.

**ઓપરેશન સફેદ સાગર (નેટફ્લિક્સ)**

1999ના કારગિલ યુદ્ધમાં ભારતીય વાયુસેનાની ભૂમિકા પર આધારિત આ વૉર સિરીઝ હવાઈ અડ્ડા અને લશ્કરી વિમાનો સાથે ફિલ્માવવામાં આવી છે. સિદ્ધાર્થ, જીમી શેરગિલ, અભય વર્મા અને મિહિર આહુજા એક્ટિંગ કરશે છે.

**સુબેદાર (પ્રાઈમ વિડિયો)**

એક રીટાયર સુબેદારનું નાગરિક જીવન એક અવિચારી ઘટનાથી હચમચી જાય છે, જેના કારણે તેને જૂના ઘા અને નવા, વ્યક્તિગત યુદ્ધની શરૂઆત થાય છે. તેમાં અનિલ કપૂર, રાધિકા મદન, આદિત્ય રાવલ, સૌરભ શુક્લા, મોના સિંહ અને ફૈઝલ મલિક મુખ્ય ભૂમિકાઓમાં છે.

**દલદલ (પ્રાઈમ વિડિયો)**

ભૂમિ પેડનેકર, આદિત્ય રાવલ અને સમારા તિજોરી અભિનીત, આ સિરીઝ મુંબઈના નવા નિયુક્ત ડીસીપી રીટા ફરેરા પર આધારિત છે, જે ભૂતકાળના અપરાધભાવ અને ભૂત સામે લડતી વખતે ક્રૂર હત્યાઓની તપાસ કરે છે. જેમ જેમ કેસ વધુ ઊંડો થાય છે, તેમ તેમ તે શહેરના નૈતિક ગ્રે ઝોનમાં ધકેલાઈ જાય છે.

**કોહરા સિઝન 2 (નેટફ્લિક્સ)**

ક્રાઈમ ડ્રામા મોના સિંહ અને બરુણ સોબતી સાથે પાછો જોવા મળવાનો છે. મોના સિંહ પહેલી વાર પોલીસની ભૂમિકા ભજવે છે, કોહરા પહેલાથી જ શૂટ થઈ ચૂક્યું છે તે જોતાં, ચાહકો આ વર્ષે રિલીઝ થવાની અપેક્ષા રાખી રહ્યા છે.

2026માં સોનીલીવ વિવિધતા અને સ્ટ્રોંગ ક્રિએટિવ સ્ટોરી લઈ આવશે. તેમાં શાર્ક ટેન્ક ઈન્ડિયા અને માસ્ટરશેફ ઈન્ડિયા જેવા અનસ્ક્રિપ્ટેડ હિટ શો પણ જોવા મળવાના છે. સુધીર મિશ્રાની સમર ઓફ 76 અને ગોલ્ડી બહલની સિવિલ લાઇન્સ, નિખિલ અડવાણીની ફ્રીડમ એટ મિડનાઈટ 2 પણ બનવાનમાં છે. ZEE5 એ સત્તાવાર રીતે કોઈ શોની જાહેરાત કરી નથી, JioHotstar પાસે આ વર્ષે TVF દ્વારા શો લાવવાની છે. એમેઝોન એમએક્સ પ્લેયરની 2026 ની લિસ્ટમાં ભારત કે સુપર ફાઉન્ડર્સ એક નવો રિયાલિટી શો આવી રહ્યો છે. અમુક વેબ શો જે અનિશ્ચિત છે તેમાં રક્ત બ્રહ્માંડ - ધ બ્લડી કિંગડમ, 2026 માં સ્ટ્રીમ થવાનું હતું, બીજી તરફ, સંજય લીલા ભણસાલીની હીરામંડી સિઝન 2 માં ગણિકાઓ લાહોરથી મુંબઈ અને કોલકાતા જવાની હતી. જોકે, ભણસાલી લવ એન્ડ વોર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હોવાથી, રાહ લાંબી થવાની ધારણા છે. આ દરમિયાન, ઘણા શો અનિશ્ચિતતામાં ડૂબેલા છે. બ્લેક વોરંટ સિઝન 2 શૂટિંગના થોડા દિવસો પહેલા સ્ટોપ કરવામાં આવી, ક્લાસ સિઝન 2 તો અશક્ય લાગે છે, બજેટ કાપને કારણે કાલા પાણી કેન્સલ કરવામાં આવી, જ્યારે she અને યે કાલી કાલી આંખેં જોવામાં કોઈને ઈંટ્રેસ્ટ નથી રહ્યો. પાતાલ લોક, દિલ્હી ક્રાઈમ, ખાખી, રાણા નાયડુ અને મંડલા મર્ડર્સ જેવા સિરીઝની સિક્વલ પણ જોવા મળે તો જ મળે.